# રાજ્યનું ધોરણ ૧૦નું ૬૫.૧૮ ટકા પરિણામ

**સુરત જિલ્લો ટોપ પર : ૯૫૮ કેન્દ્રો પર પરીક્ષા યોજવામાં આવી હતી, જેમાં ૭૮૧૭૦૨ નિયમિત પરીક્ષાર્થીઓ નોંધાયા હતા, જે પૈકી ૭૭૨૭૭૧ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા**

ગાંધીનગર,તા.૬

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલ ધોરણ ૧૦ની પરીક્ષાનું ૬૫.૧૮ ટકા પરિણામ આજે સવારે જાહેર થઈ ગયું છે. બોર્ડની વેબસાઈટ ટુ.જીજીહ્ન.ઓઇ પર વિદ્યાર્થીઓ પરિણામ જોઈ શકે છે. રાજ્યમાં સૌથી ઊંચુ પરિણામ સુરત જિલ્લાનું ૭૫.૬૪ ટકા રહ્યું છે જ્યારે સૌથી નીચુ પરિણામ પાટણ જિલ્લાનું ૫૪.૨૯ ટકા પરિણામ આવ્યું છે. તો કેનદ્ર અનુસાર જોવામાં આવે તો રાજયમાં રાજકોટમાં આવેલ રુપાવટી કેન્દ્રનું પરિણામ સૌથી વધુ ૯૪. ૮૦ ટકા જાહેર થયું છે. રાજ્યમાં સૌથી નીચુ પરિમામ ધરાવતું કેન્દ્ર દાહોદનું રુવાબારી મુવાડા છે, જેનું પરિણામ ૧૯.૧૭ ટકા રહ્યું છે. એસએસસી બોર્ડના પરિણામમમાં પણ છોકરાઓની સામે છોકરીઓએ મેદાન માર્યુ છે. આ વખતે છોકરાઓ કરતાં છોકરીઓએ ૧૧.૭૪ ટકા વધુ પરિણામ મેળવ્યું છે. રાજ્યમાં એપ્રિલ ૨૦૨૨માં કુલ ૯૫૮ કેન્દ્રો પર પરીક્ષા યોજવામાં આવી હતી. જેમાં કુલ મળીને ૭,૮૧,૭૦૨ નિયમિત પરીક્ષાર્થીઓ નોંધાયા હતા, જે પૈકી ૭,૭૨,૭૭૧ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને ૫,૦૩,૭૨૬ પરીક્ષાર્થીઓ પાસ થયા હતા. જ્યારે રિપીટર પરીક્ષાર્થી તરીકે ૧,૪૦,૪૮૫ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા. તે પૈકી ૧,૩૩.૫૨૦ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૪૧,૦૬૩ પરીક્ષાર્થીઓ સફળ થયા હતા. બોર્ડના પરિણામમમાં પાસ થનારા પરીક્ષાર્થીઓ પૈકી અંગ્રેજી માધ્યમના પરીક્ષાર્થીઓની ટકાવારી ૮૧.૫૦ ટકા રહી છે જેની સામે ગુજરાતી માધ્યમના પરીક્ષાર્થીઓની ટકાવારી ૬૩.૯૬ ટકા રહી છે. જ્યારે કુલ વિદ્યાર્થીઓ પૈકી ૧૨,૦૯૦ પરીક્ષાર્થીઓએ એ૧ ગ્રેડ મેળવ્યો છે. ૫૨,૯૯૨ પરીક્ષાર્થીઓએ એ૨ ગ્રેડ, ૯૩,૬૦૨ પરીક્ષાર્થીઓએ બી૧ ગ્રેડ, ૧,૩૦,૦૯૭ પરીક્ષાર્થીઓએ બી૨ ગ્રેડ, ૧,૩૭,૬૫૭ પરીક્ષાર્થીઓએ સી૧ ગ્રેડ અને ૭૩,૧૧૪ પરીક્ષાર્થીઓએ સી૨ ગ્રેડ મેળવ્યો છે. તો બોર્ડની પરીક્ષામાં ગેરરીતિ આચરવામાં સામેલ ૮૪૮ પરીક્ષાર્થીઓનું પરિણામ અનામત રાખવામાં આવેલ છે. જેની રુબરુ સુનાવણી જિલ્લા કક્ષાએ કરવામાં આવશે. જિલ્લા અનુસાર જોવા જઈએ તો અમદાવાદ શહેરનું પરિણામ ૬૩.૧૮ ટકા જ્યારે અમદાવાદ ગ્રામ્યનું પરિણામ ૬૩.૯૮ ટકા રહ્યુંછે. તેવી જ રીતે રાજકોટ જિલ્લાનું પરિણામ ૭૨.૮૬ ટકા રહ્યું છે. જ્યારે વડોદરાનું પરિણામ ૬૧.૨૧ ટકા રહ્યું છે. તો મોરબીનું પરિણામ ૭૩.૭૯ ટકા રહ્યું છે. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી છે. બોર્ડની વેબસાઈટ પર બંને નેતાઓએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતા લખ્યું છે કે, "ધોરણ ૧૦નું પરિણામ જાહેર થવાના અવસરે તમામ વિદ્યાર્થીઓને હ્રદયપૂર્વક અભિનંદન અને ઉજ્જ્વળ કારકિર્દી માટે શુભકામનાઓ. પરિણામ અંગે બોર્ડ દ્વારા જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના ગુણ પત્રક વિતરણ અંગેની જાહેરાત હવે પછી બોર્ડ દ્વારા કરવામાં આવશે. પરીક્ષા બાદ ગુણ ચકાસણી, દફતર ચકાસણીની સુચનાઓ પણ બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવશે. પુરક પરીક્ષાની પાત્રતા ધરાવતા ઉમેદવારોની યાદી શાળાઓને પરિણામ સાથે મોકલી આપવામાં આવશે.

## ગ્રીનસીટી ગાંધીનગરને વધુ હરિયાળુ બનાવવાની નેમ



ગાંધીનગર, તા. ૬

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગર તથા તાલુકા કાનૂની સેવા સમિતિ કલોલ, ગાંધીનગર તથા માણસા દ્વારા ૫ મી જૂન રવિવારે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગરના ચેરમેન અને પ્રિન્સિપાલ ડીસ્ટીક્ટ જજ સાહેબ ગાંધીનગરની સૂચના અને માર્ગદર્શન અનુસાર, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સેક્રેટરીના સહયોગથી ગાંધીનગર શહેર તથા તાલુકાઓમાં વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ઉજવણી કરવામાં આવી હતી જેમાં વૃક્ષારોપણ, કાનૂની શિક્ષણ શિબિર તથા આપણા જીવનમાં વૃક્ષોનું મહત્વ વિશે ગાંધીનગર જિલ્લાના પેરાલીગલ વોલન્ટીયર દ્વારા ગાંધીનગરની જનતાને માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમાં પ્રજાનો બહોળો પ્રતિસાદ મળેલ છે.



ભારત તિબ્બત સહયોગ મંચ દ્વારા સેકટર ૩ બગીચામાં નાના બાળકોનાં હસ્તે તથા યોગાર્થી ભાઈ બહેનોના હસ્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ કર્યો હતો. આ કાર્યક્રમમાં કોર્પોરેટર સંકેતભાઈ પંચાક્ષરાની વિશેષ ઉપસ્થિતમાં બાળકોને પ્રોત્સાહન મળ્યું હતું.

## ચિલોડા પોલીસ સ્ટેશનમાં ૧૮૧ અભયમ્ ટીમ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર તાલુકાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથક સ્થિત ચિલોડા પોલીસ સ્ટેશનમાં વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિત્તે ૧૮૧ અભયમ્ ટીમના કાઉન્સેલર ભાવનાબેન પરમાર, કોન્સ્ટેબલ વિલાસ વિહોલી, પાયલોટ વિષ્ણુભાઈ તેમજ ચિલોડા પોલીસ સ્ટેશનના સ્ટાફ એ.એસ.આઈ. એમ.ડી. પરમાર, હે.કો. મોહનભાઈ તેમજ સુરેશભાઈના સહયોગથી પોલીસ સ્ટેશનના પટાંગણમાં વૃક્ષારોપણ કરી વિશ્વ પર્યાવરણની ઉજવણી કરવામાં આવી હતી.

# "ગંદકીનું ઘર" : ઘ-૫ ફુડ કોર્ટનું જાહેર શૌચાલય

**જાહેર શૌચાલયમાં નિયમિત સાફ-સફાઇનો અભાવ : ખાણીપીણી બજારને કારણે જાહેર આરોગ્ય પર ખતરો બની શકે**








ગાંધીનગર તા.૦૬

ગાંધીનગરમાં એક તરફ સ્માર્ટ સિટીની વાતો ચાલી રહી છે જે અંતર્ગત પાટનગરને સોહામણું દેખાડવાં વિવિધ યોજનાઓ પણ હાથ ધરવામાં આવી છે. બીજી તરફ શહેરમાં કિફાયતી ભોજન અને ચટાકેદાર વાનગીઓ પીરસતાં ખાણીપીણી બજાર ઘ-૫ ફુડ કોર્ટ ખાતે કોરોના મહામારીના કપરાં કાળ બાદ માંડ ધંધા પાટે ચડ્યાં છે અને ગ્રાહકો હવે નિશ્ચિંત બની ભીડ જમાવી રહ્યાં છે.

આ સ્થિતિમાં ઘ-૫ ફુડ કોર્ટમાં બનાવાયેલા જાહેર શૌચાલય ખાતે સાફ-સફાઈમાં બેદરકારીના કારણે તે "ગંદકીનું ઘર" બની ગયું છે. આ ગંદકીના કારણે અહીં નાસ્તો કે ભોજન કરવા આવતાં નાગરિકોને અચાનક શૌચાલયનો ઉપયોગ કરવાની જરૂરિયાત ઉભી થાય તો તેનો ઉપયોગ કરવો તો શક્ય નથી પરંતુ ફુડકોર્ટમાં આવતાં ગ્રાહકોના આરોગ્ય માટે જોખમ પણ તોળાઈ રહ્યું છે.

ગત વર્ષે સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત ગાંધીનગરને દેશના સ્વચ્છ પાટનગર તરીકે પસંદ કરવામાં આવ્યું હતું પરંતુ ગાંધીનગરની વાસ્તવિક સ્થિતિ કંઈક અલગ જ ચિત્ર દર્શાવી રહી છે. શહેરની મધ્યમાં કહી શકાય તેવા મુખ્ય ખાણીપીણી બજાર ઘ-૫ ફુડ કોર્ટ ખાતે સ્વાદ રસિક નાગરિકો ભોજન કે નાસ્તો કરવા આવી રહ્યાં છે પરંતુ ચટાકેદાર વાનગીઓ આરોગવાની લ્હાયમાં તેઓ બિમારીને સાથે લઈને જાય તેવી પરિસ્થિતિ સર્જાવાની શક્યતા દેખાઈ રહી છે.

અહીં નિયમિત સફાઈ કરવામાં આવતી નથી જેના કારણે શૌચાલયનો ઉપયોગ કરવો મુશ્કેલ બન્યો છે. આસપાસની ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતાં પરિવારો આ શૌચાલયનો ઉપયોગ કરે છે પરંતુ તંત્ર દ્વારા તેની નિયમિત અને યોગ્ય સફાઈ કરાતી ના હોવાથી આ શૌચાલય "ગંદકીનું ઘર" બની ગયાં છે. ફુડકોર્ટના ગ્રાહકો તેમજ સ્ટોલધારકોના કર્મચારીઓ પૈકી કોઈને જો આકસ્મિક રીતે તેનો ઉપયોગ કરવાનો થાય તો તે ઉપયોગ પણ ના કરી શકે તેવી બદતર તેની હાલ છે.

### નિયમિત સાફ સફાઈ થાય તે જરૂરી

ઘ-૫ ફુડ કોર્ટમાં બનાવાયેલા જાહેર શૌચાલય ખાતે ભારે ગંદકીના થર જોવા મળી રહ્યાં છે જેના કારણે આ સ્થળે ગંદકીના કારણે માખી-મચ્છરો જેવા જીવ જંતુઓનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે જે નાગરિકોના જાહેર આરોગ્ય માટે ખતરો પેદા થઈ રહ્યો છે. સત્વરે આ સ્થળની સાફસફાઈ કરવામાં આવે તેવી ફુડકોર્ટના વેપારીઓ ઈચ્છી રહ્યાં છે તેવું ઘ-૫ ફુડ કોર્ટના વેપારી એસોસિએશનના પ્રમુખ મનોજ કુમારે જણાવ્યું હતું.

# રાજ્યમાં ધોરણ-૧થી ૩માં અંગ્રેજી વિષય ફરજિયાત

અમદાવાદ, તા.૬

ગુજરાતમાં શિક્ષણની સ્થિતિને વધુ સુધારવા માટે રાજ્ય સરકાર એક બાદ એક મહત્વના નિર્ણય લઈ રહી છે. બાળકોનું શરૂઆતી શિક્ષણ સુદ્રઢ બનાવવા માટે શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ વધુ એક મહત્વનો નર્ણય લીધો છે. હવે ગુજરાતના બાળકોમાં પણ અંગ્રેજી ભાષા પરનો પાયો મજબૂત બનાવવા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જીતુ વાઘાણીએ કરેલ જાહેરાત પ્રમાણે ગુજરાતી સહિત તમામ માધ્યમમાં નવા સત્રથી ધોરણ ૧થી ૩માં અંગ્રેજી વિષય ભણાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આમ હવે ગમે તે માધ્યમ હિંદી, ગુજરાતી, અંગ્રેજી કે અન્ય ભાષાની શાળામાં ભણતા વિદ્યાર્થીને અંગ્રેજી વિષય ફરજિયાત ભણાવવામાં આવશે.

સરકારની નવી માર્ગદર્શિકા અનુસાર ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓને મૌખિક રીતે અંગ્રેજી ભણાવાશે જ્યારે ધોરણ-૩ના વિદ્યાર્થીઓને પુસ્તક મારફતે અંગ્રેજી ભણાવવામાં આવશે. વિદ્યાર્થીઓને શબ્દો અને ચિત્રો દ્વારા અંગ્રેજી શીખવાડવામાં આવશે. બાળકોને નાની ઉંમરથી જ અંગ્રેજી વિષયનું જ્ઞાન વધારવાના હેતુસર આ નિર્ણય કરવામાં આવ્યો છે.

હાલના સમયમાં અંગ્રેજીનું જ્ઞાન બધા માટે ખૂબ જરુરી બની ગયુ છે, આગળ જતા બાળકોમાં અંગ્રેજી પ્રત્યેનો ડર ના રહે અને આ ભાષા પર પકડ મજબૂત બને તે માટે લેવાયો છે.

# મહાનગરો અને નગરોના આઉટગ્રોથ વિસ્તારના કામો માટે ૨૫.૭૭ કરોડની મંજૂરી

**આંતરમાળખાકીય સુવિધા-પાણી-ડ્રેનેજ-રસ્તા સ્ટ્રીટ લાઇટ જેવા ૧૧૧૬ કામો મંજૂર કરવામાં આવ્યા : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપી મંજૂરી**

ગાંધીનગર, તા.૬

રાજ્યના મહાનગરો અને નગરોના આઉટગ્રોથ વિસ્તારોમાં વિકાસના વિવિધ કામોને તથા નાગરિક સુખાકારીના આંતરમાળખાકીય કામોને વેગ આપવા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આઉટગ્રોથ વિસ્તાર વિકાસ કામો માટે રાજ્ય સરકારે અત્યાર સુધીમાં ૫૮૭.૫૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. મુખ્યમી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં વડોદરા મહાનગર પાલિકાના આઉટગ્રોથ વિસ્તારના કામો માટે રૂ. ૨૫.૭૭ કરોડની દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. વડોદરા મહાનગરના આઉટગ્રોથ વિસ્તારોમાં ડ્રેનેજ, રસ્તા, સ્ટ્રીટ લાઈટ અને પાણીની સુવિધાના મળીને કુલ-૬૬ જેટલા કામો આ ગ્રાંન્ટમાંથી હાથ ધરવામાં આવશે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આઉટગ્રોથ વિસ્તાર માટેની જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તેમાં ૨૦૧૬-૧૭ થી અત્યાર સુધીમાં રાજ્યની મહાનગરપાલિકાઓ માટે રૂ. ૪૯૯.૯૨ કરોડ તેમજ નગરપાલિકાઓ માટે રૂ. ૮૭.૫૮ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે. આઉટગ્રોથ વિસ્તારમાં પાણી, ડ્રેનેજ, રસ્તા, સ્ટ્રીટ લાઈટ, આંતરમાળખાકીય સુવિધા સહિતના વિવિધ ૩૪૧ કામો મહાનગરપાલિકા આઉટગ્રોથ વિસ્તારમાં તેમજ ૭૭૫ કામો નગરપાલિકા વિસ્તારમાં મળી સમગ્રતયા ૧૧૧૬ કામો અત્યાર સુધીમાં મંજૂર કરવામાં આવેલા છે.

# આઠમી જૂનથી ગુજરાતમાં વરસાદની શક્યતા

**હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યના કેટલાંક વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વાવાઝોડાની અસર પણ જોવા મળી શકે છે**

ગાંધીનગર, તા.૬

રાજ્યમાં હાલ છેલ્લા એક અઠવાડિયાથી કાળઝાળ ગરમી પડી રહી છે, જેણા કારણે લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. પરંતુ હવામાન વિભાગે લોકોને એક ખુશખબરી આપી છે. હવે કાળઝાળ ગરમીથી ચિંતા કરવાની જરૂર નથી. હવામાન વિભાગે ૮ જૂને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિત અલગ અલગ વિસ્તારોમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આજથી ૨થી ૩ ડિગ્રી તાપમાનમાં ઘટાડો થશે. એટલું જ નહીં, રાજયના કેટલાંક વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વાવાઝોડાની અસર પણ જોવા મળી શકે છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ૮મી જૂનથી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારીથી દમણમાં વરસાદની શક્યતાઓ છે. આ સિવાય સૌરાષ્ટ્રમાં અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાના કેટલાક ભાગોમાં વરસાદ વરસી શકે છે. દક્ષિણ ગુજરાતથી ભેજ વાળા પવન આવતા વરસાદી માહોલ સર્જાઇ શકે છે. મહત્વની વાત એ છે કે આગામી બે દિવસ તાપમાન ૪૩ ડિગ્રી સુધી જોવા મળી શકે છે. જ્યારે બે દિવસ બાદ તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. નોંધનીય છે કે, ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે દેશમાં સારા ચોમાસાની એંધાણ મળ્યા છે. હવામાન વિભાગે આ વર્ષે જૂનથી સપ્ટેમ્બર સુધીમાં દેશમાં ૧૦૩ ટકા વરસાદની આગાહી કરી છે. વિભાગે એક મહિના પહેલા દેશમાં ૯૯ ટકા વરસાદની આગાહી કરી હતી.

# રાજ્યમાં કોરોનાના નવા ૫૩ કેસ : ૪૯ દર્દી રિકવર

ગાંધીનગર, તા.૬

રાજ્યમાં કોરોનાના નવા ૫૩ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૪૯ દર્દીઓ સાજા પણ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૪,૨૨૭ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ ઘટીને ૯૯.૦૮ ટકા સુધી પહોંચી ચુક્યો છે. બીજી તરફ કોરોનાના રસીકરણ મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કોરોનાના કુલ ૩૬,૯૨૪ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૩૪૪ એક્ટિવ કેસ છે. જે પૈકી કોઈ પણ નાગરિક વેન્ટિલેટર પર નથી. તમામ ૩૪૪ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કોરોનાને કુલ ૧૨,૧૪,૨૨૭ નાગરિકો કોરોનાને હરાવી ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦,૯૪૪ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું. નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૩૧, વડોદરા કોર્પોરેશનમાં ૯, સુરત કોર્પોરેશન ૩, વલસાડમાં ૩, રાજકોટ કોર્પોરેશનમાં ૨, અમદાવાદ, આણંદ, મહેસાણા, તાપી અને વડોદરામાં ૧-૧ કેસ નોંધાયો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.

## પરિણામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિવિધ શાળાના ૯૪ જેટલા વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. જયારે સહજાનંદ સ્કુલ ઓફ એચિવરના વિદ્યાર્થી દિવ્યાંગ બાબુભાઈ વણઝારાએ ૫૮૨ ગુણ મેળવી શહેરમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. સહજાનંદ સ્કુલ ઓફ એચિવરના કુલ ૧૩ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ મેળવ્યો છે. જયારે કુડાસણ સ્કુલ ઓફ એચિવરના સૌથી વધુ કુલ ૨૬ વિદ્યાર્થીઓ ધો -૧૦ની પરીક્ષામાં એ વન ગ્રેડ મેળવી શાળાનુ ગૌરવ વધાર્યુ છે. ઈન્ફોસીટી ઘ-૦ યુનિટની સ્કુલે પણ સૌ ટકા પરિણામ પ્રાપ્ત કર્યુ છે. આ ઉપરાંત નગરની સેન્ટ ઝેવિયર્સ શાળાના ૧૫ તેમજ આર જી કન્યા વિદ્યાલયના ૧૧ તેમજ શેઠ સી એમ હાઈસ્કુલના ૩ અને એમ બી પટેલ સ્કુલના ૭ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ મેળવ્યો છે. સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુલના ૧૦ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ મેળવ્યો છે. ધો -૧૦ માં એ વન ગ્રેડ મેળવનાર મોટાભાગના વિદ્યાર્થીઓએ ડોકટર બનવાની ખેવના વ્યકત કરી છે. ધો -૧૦ નુ પરિણામ જાહેર થયા બાદ શરૂઆતમાં સાઈટ ખુલતી ન હોવાની બુમરાણ પણ શાળા કક્ષાએ ઉઠવા પામી હતી જેના લીધે મોટાભાગની શાળાઓમાં મોડેસુધી પરિણામ અંગે તાગ મળ્યો ન હતો. જો કે ત્યારબાદ બપોર સુધીમાં શાળાઓમાં પરિણામ તૈયાર થઈ ગયુ હતુ. ધો -૧૦ નુ પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરીણામલક્ષી ઉત્તેજનાનો અંત આવ્યો હતો બીજીતરફ નગરની શાળાઓમાં પ્રવેશ કાર્યવાહી સંદર્ભે ધમધમાટ જોવા મળ્યો હતો.

## પુનઃ વધ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓમિક્રોનના આ બંને સબ વેરિએન્ટસના કેસ આ વર્ષે એપ્રિલમાં દક્ષિણ આફ્રિકાના કેટલાક વિસ્તારોમાં નોંધાયા હતા. દેશમાં અત્યાર સુધીમાં તેલંગાણા, મહારાષ્ટ્ર અને તમિલનાડુ જેવા રાજ્યોમાં આ સબ વેરિએન્ટની એન્ટ્રી થઈ ચૂકી છે. કેટલા ખતરનાક છે અને આ સબવેરિએન્ટસ? ઓમિક્રોનના બંને સબ વેરિએન્ટસ બીએ.૨ના જેમ જ છે. ઓમિક્રોનના બીએ.૨ના કારણે જ ભારતમાં ત્રીજી લહેર આવી હતી. ડબલ્યુએચઓના જણાવ્યા પ્રમાણે બીએ.૪ અને બીએ.૫થી હાલમાં ગંભીર બિમારી તો નથી થઈ રહી પરંતુ આ વેરિએન્ટ ઓમિક્રોનના બાકી સબવેરિએન્ટની તુલનામાં વધારે સંક્રામક છે.

ડબલ્યુએચઓએ ગયા મહિને જણાવ્યું હતું કે, દુનિયાના ડઝનભર દેશોમાં બીએ.૪ અને બીએ.૫ના કેસ નોંધાયા છે અને તેનાથી કોરોનાના કેસોમાં ફરી ઉછાળો આવી શકે છે.

યુરોપિયન સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ (ઈસીડીસી) અને યુએસ સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ (સીડીસી)એ આ બંને સબ-વેરિએન્ટસને વેરિએન્ટસ ઓફ કન્સર્ન એટલે કે ચિંતાજનક જાહેર કર્યો છે. ઈસીડીસીનું કહેવું છે કે, અત્યાર સુધીમાં આ સબ વેરિએન્ટથી ગંભીર બિમારી થવાના પુરાવા નથી મળ્યા પરંતુ તે બીજા વેરિએન્ટથીવધુ સંક્રામક છે.

## પ્રતિબંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે કે સફાઈ કાર્યમાં ઝડપ માટે એસયૂપી હોટસ્પોટની ઓળખ અને તેમને નષ્ટ કરવુ જરૂરી છે.એડવાઈઝરીમાં પ્રતિબંધોને લાગુ કરવાના મુદ્દે આનાકાની કરનારા પર ભારે દંડ ફટકારવાની સલાહ આપવામાં આવી છે. પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નાબૂદી નિયમ, ૨૦૨૧ અનુસાર ૭૫ માઈક્રોનથી (૦.૦૭૫ મિમી પહોળાઈ) થી ઓછા પ્લાસ્ટિકથી બનેલા કેરી બેગના ઉત્પાદન, આયાત, સંગ્રહ, વિતરણ, વેચાણ અને કોઈ પણ પ્રકારના ઉપયોગ પર ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧થી પ્રતિબંધ લાગુ છે.

## યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

પુનઃસ્થાપના કરવાની માંગ વચ્ચે દિલ્હી વક્ફ બોર્ડે દાવો કર્યો છે કે, અહીં કુતુબ મીનાર પરિસરની મસ્જિદમાં નમાજ પહેલાથી જ થાય છે પરંતુ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણે તેના પર રોક લગાવી હતી. બોર્ડે આ મસ્જિદમાં નમાજની અનુમતિ આપવાની માંગ કરી હતી.